## ૬ વાગ્યા બાદ કામ કરનારાઓને અલગથી મહેનતાણુ ચુકવાશે

# યુનિ.ની હેડ ઓફિસમાં કર્મચારીઓ માટે ઓવરટાઈમની પ્રથા શરૂ કરાઈ

વડોદરા,ગુરૂવાર

એમ.એસ.યુનિવર્સિટીની હેડ ઓફિસમાં બિન શૈક્ષણિક કર્મચારીઓ માટે સત્તાધીશોએ ઓવરટાઈમની પ્રથા શરૂ કરી છે.

## હંગામી અને કાયમી એમ બંને પ્રકારના કર્મચારીઓને વધારાના સમયમાં કામ માટે દર કલાક દીઠ ૧૦૦ રૂપિયા અપાશે

મળતી વિગતો પ્રમાણે કર્મચારીઓને ઓવરટાઈમ આપવાનુ આ મહિનાથી શરુ કરવામાં આવ્યુ છે.જે અનુસાર જે કર્મચારીને વધારે કામ માટે સાંજના ૬ વાગ્યા બાદ પણ બેસવુ પડશે તે કર્મચારીને દર કલાક લેખે ૧૦૦ રુપિયા ઓવર ટાઈમ તરીકે ચૂકવવામાં આવશે.આ પહેલા ૬ વાગ્યા પછી બેસનારા કર્મચારીને દોઢ કલાક સુધી એક પણ રુપિયો મળતો નહોતો.હવે જોકે તેમને કલાક દીઠ ૧૦૦ રુપિયા આપવામાં આવનાર છે.

હાલમાં આ પ્રથા યુનિવર્સિટી હેડ ઓફિસમાં લાગુ કરવામાં આવી છે અને એ પછી ફેકલ્ટીઓમાં પણ જરુર પડે તો તેનો અમલ કરવા માટે વિચારણા કરવામાં આવશે.

યુનિવર્સિટી હેડ ઓફિસમાં આ પહેલા સમયસર નહીં આવનારા કર્મચારીઓનો વાઈસ ચાન્સેલર પ્રો.શ્રીવાસ્તવે ક્લાસ લીધો હતો અને એક તબક્કે તો સહી કરવા માટેનુ મસ્ટર તેમણે પોતાની ઓફિસમાં મંગાવી લીધુ હતુ.જોકે કર્મચારીઓને ઘણી વખત લાંબા સમય માટે હેડ ઓફિસમાં કામ કરવા માટે બેસી રહેવુ પડતુ હોય છે તેવી જાણકારી તેમને મળ્યા બાદ હવે કર્મચારીઓને કલાકના ૧૦૦ રુપિયા ઓવરટાઈમ તરીકે આપવાનુ પણ તેમણે શરુ કરાવ્યુ છે.

કાયમી અને હંગામી એમ બંને પ્રકારના કર્મચારીઓને ઓવરટાઈમનો નિયમ લાગુ પડશે તેમ સૂત્રોનુ કહેવૂ છે.